સુરત શહેરમાં તડીપાર કરેલ તથા કડોદરા GIDC પોલીસ સ્ટેશનના ખુનના ગુનામાં વોન્ટેડ આરોપીને ઝડપી પાડતી, સુરત શહેર ક્રાઇમ બ્રાંચ.

સુરત શહેરમાં નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા તેમજ અન્ય જીલ્લાઓના નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવાની ડ્રાઇવ ચાલુ હતી દરમ્યાન, આજરોજ ડીસીબી પો.સ્ટે.ના HC હિતેન્દ્રસિંહ ભુપતસિંહ, PC વિક્રમસિંહ મનુભા નાઓને બાતમી મળેલ કે, કડોદરા GIDC પોલીસ સ્ટેશનના ખુનના ગુનામાં નાસતો ફરતો તેમજ સુરત શહેર ખાતેથી તડીપાર કરેલ ઇસમ નામે વિજય ઉર્ફે ડબ્બા S/O ભગવાનભાઇ પાટીલ રહે.નરોત્તમનગર, શિવાજી પાર્કની બાજુમાં, નવાગામ ડીંડોલી, સુરત. મુળ વતન ગામ-ખેડીટેકુ તા.પારોલા જી.જલગાવ મહારાષ્ટ્રનાનો હાલમાં નવાગામ ડીંડોલી આર.ડી. ફાટક પાસે આવી ઉભેલો છે. જે બાતમી આધારે PSI એસ.પી. ઝાલા નાઓ તેમની ટીમના પોલીસ માણસો સાથે તાત્કાલીક સ્થળ ઉપર જઇ ઉપરોક્ત આરોપીને ઝડપી લઇ ડી.સી.બી. પો.સ્ટે. II ગુ.ર.નં.૧૧૨/૨૦૧૯ જી.પી.એક્ટ કલમ-૧૪૨ મુજબ ગુનો નોંધી સદર આરોપીની પુછપરછમાં જયશ્રી ઉર્ફે પાયલ સાથે મળી પોતે તથા પોતાના મિત્રોએ મળીને જયશ્રી ઉર્ફે પાયલના પતિ રોહિત બરોડનું કડોદરા સંજીવની હોસ્પીટલ પાસેથી અપહરણ કરી ગાડીમાં લઇ જઇ તેની હત્યા કરી લાશને અવાવરૂ જગ્યામાં ફેંકી દઇ ગુનો કરેલ અને આ કામ માટે પોતાને જયશ્રી ઉર્ફે પાયલે રૂપિયા બે લાખ આપવાનું નક્કી કરેલ. આમ કડોદરા GIDC પો.સ્ટે. I ગુ.ર.નં. ૧૧૫/૨૦૧૯ ઈ.પી.કો. કલમ-૩૦૨, ૩૬૪, ૧૨૦(બી), ૨૦૧ મુજબના ગુનામાં નાસતા ફરતા આરોપીને પકડી પાડેલ છે.

આરોપીનો ગુનાહિત ઇતિહાસ. :-સદર આરોપીએ પોતાના મિત્રો સાથે મળીને સને-૨૦૧૭ માં અલથાણ ચોકડી પાસે એક ઇસમ પાસેથી મોબાઇલ તથા રોકડા રૂપિયાની લુંટ કરી તેની હત્યા કરેલ. જે બાબતે ખટોદરા પો.સ્ટે. I ગુ.ર.નં. ૧૩૬/૨૦૧૯ ઈ.પી.કો. કલમ- ૩૦૨, ૩૯૬, ૩૪, જી.પી.એક્ટ કલમ-૧૩૫(૧) મુજબ ગુનો નોંધાયેલ છે. કલમ ૪૫૭,૩૮૦ મુજબ (મધ્યપ્રદેશ છીંદવાડા જીલ્લા).